તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પ્રમાણપત્રની માન્યતા ૩ વર્ષ કરવા બાબત

ગુજરાત સરકાર
સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
સચિવાલય, ગાંધીનગર
તા:૨૬/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:

(1) આ વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(2) આ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(3) આ વિભાગનો તા.૧૧/૦૨/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ
(4) આ વિભાગનો તા.૧૩/૦૯/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

પ્રસ્તાવના:

ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (2) ના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે જરૂરી "આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" આપવાની શરૂઆત કરવામાં આવેલ છે. તથા ઉક્ત ક્રમાંક (4) આગળના તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે જરૂરી "આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" ની માન્યતા ૦૩ વર્ષ (પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૦૩ વર્ષ) કરવામાં આવેલ છે. આ જોગવાઇનો અમલ તા.૧૩/૦૯/૨૦૧૯થી કરવામાં આવેલ છે. એટલે કે તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રો એક નાણાકીય વર્ષ માટે જ માન્ય હતા. આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલ આશરે ૨.૫૦ લાખ EWS પ્રમાણપત્રોની માન્યતા પણ ૦૩ વર્ષ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

(1) તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રોને પણ ઇસ્યુ(Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવાના રહેશે.
(2) તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેતાં અગાઉ ઉમેદવારે સંબંધિત ભરતી સંસ્થા અથવા સબંધિત અભ્યાસક્રમો માટેની પ્રવેશ કમીટી સમક્ષ તેના કુટંબની આવકમાં વધારો થયેલ નથી અને તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે અંગે આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં બાંહેધરી આપવાની રહેશે.

(૩) આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ આવકમર્યાદા કરતા વધારો થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે તથા આવા પ્રમાણપત્રનો અરજદારે ઉપયોગ કરવાનો રહેશે નહી. જો અરજદાર અથવા તેના વાલી ઇરાદાપૂર્વક વિગતો છુપાવશે તો તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

(૪) આ જોગવાઇ ફક્ત ગુજરાત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટેના "આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેનું પાત્રતા પ્રમાણપત્ર" માટે જ લાગુ પડશે. ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તા.૧૧/૦૨/૨૦૧૯ ના ઠરાવથી નક્કી થયા મુજબના "Income and Asset Certificate" ની માન્યતા માત્ર એક નાણાકીય વર્ષની હાલની જોગવાઇ પ્રમાણે ચાલુ રહેશે.

(૫) આર્થિક રીતે નબળા વર્ગો માટેના પાત્રતા પ્રમાણપત્ર અંગેની રાજ્ય સરકારની વખતોવખતની અન્ય સ્થાયી સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

- સચિવાલયના તમામ વિભાગ. આપના વિભાગ હેઠળની ભરતી/પ્રવેશ સંસ્થાઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર. ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું પરિશિષ્ટ

**બાંહેધરીપત્રક (સાદા કાગળ ઉપર) :-**

## <u>બાંહેધરી</u>

આથી હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતી/કુ ............................................., ઉ.વર્ષ ...., જાતિ ...................., ધંધો ........................, સરનામું ........................................, આથી જાહેર કરૂં છુ કે ....................(EWS પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સત્તાધિકારી) દ્વારા આપવામાં આવેલ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર ક્રમાંક: .......................... તા...................... ધરાવું છું. જેની મુદ્દત તા.......................... ના રોજ પૂર્ણ થયેલ છે. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારી વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી આ પ્રમાણપત્રની માન્યતા પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ૦૩ વર્ષ કરવામાં આવેલ છે, તે મારી જાણમાં છે. હાલ જે આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર ધરાવું છું તેની મુદ્દત પૂર્ણ થયેલ છે ત્યારબાદથી પ્રમાણપત્ર રજૂ કર્યા સુધીમાં મારા કુટંબની આવકમાં એવો કોઇ વધારો થયેલ નથી કે જેના કારણે હું આર્થિક રીતે નબળા વર્ગો(EWS) પ્રમાણપત્ર મેળવવા માટેની પાત્રતા ધરાવતો બંધ થાઉ. જેથી હું આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેના સરકારશ્રી દ્વારા નિર્ધારીત થયેલ અનામતના લાભો માટે પાત્ર ઠરૂં છું તેની સ્વયં કબુલાત કરૂં છું.

આથી હું બાહેધરી આપું છું કે ઉપર મુજબની વિગત સત્ય છે. ભવિષ્યમાં ગમે ત્યારે અધિકૃત અધિકારી દ્વારા ચકાસણી કરતાં ઉક્ત વિગત ખોટી માલુમ પડશે અથવા અનામતના લાભ મેળવ્યા પહેલાં કે પછી પણ ખોટી માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી/ પ્રવેશ/ નિમણૂંક રદ્દ થવા પાત્ર છે તેની મને જાણકારી છે અને તે સમયે પ્રવર્તમાન કાયદા અને અથવા નિયમો હેઠળ મારી વિરૂધ્ધ પગલાં લઇ શકાય તેની મને જાણ છે અને તે મને બંધનકર્તા છે.

તારીખ : (અરજદારની સહી)

સ્થળ : (અરજદારના માતા અથવા પિતા અથવા વાલીની સહી)